નં.જીઆઈડીસી/ઈએનજી/૦૬
તા.૩૦/૦૪/૨૦૨૨

**વિષય :** નિગમની વસાહતોની જમીનમાં ભુગર્ભ વીજ લાઈન,પાણી/ગટર પાઈપલાઈન,ગેસ લાઈન,ટેલીકોમ કેબલ વગેરે સર્વિસ લાઈન નાખવા વપરાશી હક્કથી પરવાનગી આપવા અંતર્ગત રોડ ક્રોસીગ ચાર્જ બાબત.

**સંદર્ભ :** (૧) નિગમના પરીપત્ર નં ૨૪, તા ૧૬/૦૭/૨૦૨૧

## સુધારા હુકમ

નિગમના પરીપત્ર નં ૨૪, તા ૧૬/૦૭/૨૦૨૧ મુજબ હાલમા રોડ ક્રોસિંગ ચાર્જની રકમ વસૂલ કરવા બાબતે નીચે મુજબ ઉલ્લેખ કરેલ છે.

"નિગમ ધ્વારા વસાહતોની માળખાકિય સુવિધાઓ જેવી કે રસ્તા, વરસાદી ગટર, શેરીબત્તી, પાણી પુરવઠા તેમજ ભુગર્ભ ગટર વગેરે પાયાની સુવિધાઓ નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર સંબધિત નિર્દિષ્ટ વિસ્તાર/ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનને સંચાલન અને મરામત માટે તબદીલ કરવામાં આવેલ છે. આથી જે વસાહતો ખાતે માળખાકિય સુવિધાઓનુ સંચાલન અને મરામતની કામગીરી વસાહતના સંબધિત નિર્દિષ્ટ વિસ્તાર/ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ધ્વારા સંભાળવામાં આવે છે, તેમના ધ્વારા આ રોડ ક્રોસીંગ ચાર્જીસ વસુલ લેવા રજુઆત થયેલ છે. આથી વિગતવાર ચર્ચાને અંતે આવી સર્વિસ લાઈન નાખવા આપવામાં આવતી પરવાનગી અંતર્ગત નીચે મુજબ શરત આમેજ કરવાની રહેશે તેમજ માગણા બીલમા ઉલ્લેખ કરવાનો રહેશે. "**આ સર્વિસ લાઇન નાખવા જો રોડ ક્રોસિંગ થાય તો રોડ ક્રોસિંગ ચાર્જની રકમ સંબંધિત સેવા સંભાળનાર સંસ્થા જીઆઇડીસી / નિદિષ્ટ વિસ્તાર (ઇન્ડસ્ટ્રીઝ એશોસિએશન) મા અરજદારે સીધા જમા કરાવવાના રહેશે.**" જેના બદલે નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**સુધારો**

"આ સર્વિસ લાઇન નાખવા જો રોડ ક્રોસિંગ થાય તો રોડ ક્રોસિંગ ચાર્જની રકમ સંબંધિત સેવા સંભાળનાર સંસ્થા જીઆઇડીસી / નિદિષ્ટ વિસ્તાર મા અરજદારે સીધા જમા કરાવી NOC રજુ કરવાનું રહેશે. જે વસાહતોમાં ઇન્ડસ્ટ્રીઝ એશોસિએશન દ્વારા સેવા સંભાળવામા આવે છે તેવી વસાહતોમાં જે તે ના.કા.ઇ. શ્રી દ્વારા રોડ ક્રોસિંગ ચાર્જની/ડીપોઝીટની રકમ નક્કી કરી તે રકમ વસુલ કરવા સંબંધિત પ્રા.મે. શ્રી/ કા.ઇ. શ્રી અને એશોસિએશન ને જાણ કરવાની રહેશે. આ વસુલ કરવામાં આવેલ રકમ જે તે વસાહતના સર્વિસ ચાર્જ ખાતે જમા આપવાની રહેશે. જે વસાહતમાં એસોસીએશન ધ્વારા રોડ ક્રોસીંગના મરામતના કામો કરાવવામાં આવે છે તેવા કિસ્સામાં આ રકમ જે તે એસોસીએશનને આપવાની રહેશે."

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી
જીઆઈડીસી,ગાંધીનગર

રવાના કર્યુ

મેનેજર(મહેકમ)
જીઆઈડીસી,ગાંધીનગર.

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

મેનેજરશ્રી(એસએન્ડએ),જીઆઈડીસી,ગાંધીનગર તરફ જાણ તેમજ નિગમની વેબસાઈટ પર મૂકવા સારૂ.